No. of Printed Pages : 3

SEAT No.________

[84]

# SARDAR PATEL UNIVERSITY

## Examination, semester: 3 (Gujarati)

**Monday, Date: 25 -11- 2024, Time: 2:00 P.M. to 5:00 P.M.**

**Subject code PA03CGUJ53 Subject/course Title: ગુજરાતી ભાષા : સ્વરૂપ વિચાર**

---

**Total marks: 70**

પ્રશ્ન : ૧ વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. (ગુણ :૧૦)

૧) ગુજરાતી ભાષાની દ્વિતીય અને તૃતીય ભૂમિકામાં કયા પ્રકારની વાક્યરચનામાં પરિવર્તન આવ્યું છે?

અ) કર્તરી બ) કર્મણિ ક) પ્રેરક ડ) ભાવે

૨) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાન :૧ પ અને બ ઔષ્ઠ્ય અઘોષ વ્યંજનો છે.

વિધાન :૨ ક અને ગ વ્યંજનોના ઉચ્ચારણ વખતે નાદતંત્રી નિષ્કંપ હોયછે.

અ) બન્ને વિધાનો સાચાં છે. બ) બન્ને વિધાનો ખોટાં છે.

ક) વિધાન:૧ સાચું ,વિધાન:૨ ખોટું છે. ડ) વિધાન : ૧ ખોટું ,વિધાન:૨ સાચું

૩)'ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ' પુસ્તકના કર્તા જણાવો.

અ) કેશવ હર્ષદ ધ્રુવ બ) કે.કા.શાસ્ત્રી ક) હરિવલ્લભ ભાયાણી ડ)ઊર્મિ દેસાઈ

(૪) સાચો કાળક્રમ જણાવો.

૧) કુંભકાર ૨) કુંભારુ ૩) કુંભઆરો ૪) કુંભાર

અ) ૧,૨,૩,૪ બ) ૧,૩,૪ ,૨ ક) ૨,૩,૪ ,૧ ડ) ૧,૩,૨,૪

૫) નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી?

અ) વળી – સંયોજક બ) આવતું – ક્રિયાતિપત્યર્થ

ક) પણ – નિપાત ડ) સામે – નામયોગી

૬)'બનાવટ' શબ્દમાં કયો પ્રત્યય છે?

(P.T.O.)

અ) ટ  બ) આવટ  ક) વટ  ડ) ત

(૭) યોગ્ય જોડકાં રચો

| યાદી: ૧ | યાદી : ૨ |
|---|---|
| 1) આબોહવા | A) કર્મધારય સમાસ |
| 2) સ્વર્ગસ્થ | B) ઉપપદ સમાસ |
| 3) મહાલય | C) મધ્યમપદલોપી સમાસ |
| 4) કાનટોપી | D) દ્વંદ્વ સમાસ |

અ) 1-A,2-B,3-C,4-D  બ) 1-D,2-B,3-C,4-A

ક) 1-B,2-C,3-A,4-D  ડ) 1-D,2-B,3-A,4-C

૮) નીચેનામાંથી મૂર્ધન્ય, અઘોષ, અલ્પપ્રાણવ્યંજન જણાવો.

અ) પ  બ) ડ  ક) ઠ  ડ) ટ

૯) નીચેના વાકયમાં 'માટે' પદને ઓળખાવો.

સમીરે કહ્યું માટે સીમા લેપટોપ લાવી.

અ) નામયોગી  બ) નિપાત  ક) સંયોજક  ડ) ક્રિયાવિશેષણ

૧૦) નીચેની વાકયરચના ઓળખાવો.

યુનિવર્સિટી પરીક્ષા લેવડાવે છે.

અ) કર્તરી  બ) કર્મણિ  ક) પ્રેરક  ડ) ભાવે

પ્રશ્નઃ ૨ ભારતીય આર્યભાષાનો ઉદ્દભવ અને વિકાસ જણાવો.

અથવા  ( ગુણ : ૧૫)

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ) ગુજરાતી ભાષાની પ્રથમ અને દ્વિતીય ભૂમિકા  બ) ભારત-યુરોપીય ભાષાકુળ

પ્રશ્ન : 3 ગુજરાતી ભાષાના ધ્વનિઘટકોનું વર્ગીકરણ કરી તેની વિશેષતા જણાવો.

અથવા  ( ગુણ : ૧૫)

ટૂંક નોંધ લખો. (બન્ને)

અ) માન્ય ગુજરાતી ભાષાના સહવર્તી ધર્મો

બ) વિભાવના : ધ્વનિ, ધ્વનિઘટક, ઉપધ્વનિઘટક, મર્મર ધ્વનિ

પ્રશ્ન: ૪ રૂપઘટક, ઉપરૂપઘટક, બદ્ધઘટક, મુક્તઘટકની વિભાવના ઉદાહરણ સહ સ્પષ્ટ કરી ગુજરાતીના સર્વનામનાં રૂપાખ્યાનોનો પરિચય કરાવો.

**અથવા.** ( ગુણ : ૧૫)

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ) ગુજરાતીમાં વચન અને લિંગ વ્યવસ્થા

બ) ગુજરાતી ભાષાના સંયોજકો અને ક્રિયાવિશેષણો

પ્રશ્ન : ૫ ગુજરાતી વાક્યરચનામાં પદક્રમ, પદસંવાદનું મહત્ત્વ જણાવી ,વાક્યરૂપાન્તરણપ્રક્રિયા ઉદાહરણ સહિત સમજાવો.

અથવા. ( ગુણ : ૧૫)

ટૂંક નોંધ લખો. (બન્ને)

અ) કર્તરી, કર્મણિ, પ્રેરક અને ભાવેપ્રયોગ બ) સાદું, સંયુક્ત અને સંકુલ વાક્ય

---